દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

બુધવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૪

# કેનેડા સાથે ભારતે હવે ખૂબ સાવધાનીપૂર્વક કામ લેવું પડશે

છેલ્લા કેટલાક સમયથી ભારત અને કેનેડાના સંબંધો કડવાશભર્યા ચાલી રહ્યા છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ આક્ષેપ કર્યો કે કેનેડામાં રહેતા શીખ ખાલિસ્તાનવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ છે તેના પછી ભારત અને કેનેડાના સંબંધોમાં ભારે કડવાશ આવી ગઇ. તેના પછી અનેક એવી ઘટનાઓ બની જેના કારણે બંને દેશો વચ્ચેના કડવા સંબંધો વધુ બગડ્યા. હવે ભારત અને કેનેડા વચ્ચે આમ પણ કડવાશભર્યા ચાલી રહેલા આ સંબંધો વધુ વણસ્યા છે જ્યારે જસ્ટિન ટ્રુડો સરકારે શીખ અંતિમવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગેની તપાસમાં કેનેડા ખાતેના ભારતીય હાઇ કમિશ્નરને સાંકળવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે કે ભારતે પોતાના રાજદ્વારી સામે ઉપજાવી કાઢેલા આક્ષેપો સામે પગલા લેવાની ચેતવણી આપી છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલા કટુતાભર્યા વિવાદમાં આ પ્રથમ બનાવ છે કે જ્યારે કેનેડાએ ભારતીય રાજદ્વારીઓ, અને તેમાં પણ હાઇ કમિશનર જેવા ઉચ્ચ પદાસીન રાજદ્વારી સામે શંકાની સોય ચિંધી છે અને તેમની સામે તપાસ થવી જરૂરી છે એમ કહ્યું છે.

કેનેડાના આ આક્ષેપો સામે એક સખત પ્રહારો કરતા જવાબમાં ભારતે કેનેડા ખાતેના પોતાના હાઇ કમિશ્નર સંજય કુમાર વર્મા સામેના આક્ષેપોને ઢંગધડા વગરના અને મત બેન્કના રાજકારણની આસપાસ કેન્દ્રિત થયેલા ટ્રુડો સરકારના રાજકીય એજન્ડામાંથી જન્મેલા ગણાવ્યા હતા. કેનેડાના આ આક્ષેપો પછી ભારતે પોતાના હાઇ કમિશનર અને લક્ષ્ય બનાવવામાં આવેલા અન્ય રાજદ્વારીઓ અને અધિકારીઓને કેનેડાથી પાછા ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય વિદેશ મંત્રાલયે નવી દિલ્હી ખાતેના કેનેડાના ચાર્જ દ અફેર્સને બોલાવ્યા તેના થોડા જ સમય પછી આ નિર્ણય લેવાયો હતો. કેનેડાના ચાર્જ દ અફેર્સને સોમવારે સાંજે સેક્રેટરી(ઇસ્ટ) દ્વારા બોલાવવામાં આવ્યા હતા. તેમને જાણ કરવામાં આવી હતી કે કેનેડામાં ભારતીય હાઇ કમિશનર તથા અન્ય રાજદ્વારીઓ અને અધિકારીઓને પાયાવિહોણી રીતે લક્ષ્ય બનાવવામાં આવ્યા તે બાબત સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે એમ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે ભારતે પોતાના હાઇ કમિશનર અને અન્ય લક્ષ્ય બનાવવામાં આવેલ રાજદ્વારીઓ અને અધિકારીઓને પાછા ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે. વર્તમાન ટ્રુડો સરકારના પગલાઓએ તેમની સુરક્ષા ભયમાં મૂકી છે અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની આ સરકારની પ્રતિબધ્ધતા પર અમને ભરોસો નથી એમ વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. પોતાના રાજદ્વારીઓને પાછા બોલાવી લેવાની ભારતની જાહેરાત પછી થોડા જ સમયમાં એવા પણ અહેવાલ આવ્યા કે ભારતે કેનેડાના છ રાજદ્વારીઓને કાઢી મૂક્યા છે અને તેમને વહેલી તકે દેશ છોડી જવા જણાવ્યું છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રવિવારે કેનેડા



તરફથી એક રાજદ્વારી સંદેશો મળ્યો હતો જે સૂચવતો હતો કે ભારતીય હાઇ કમિશનર અને અન્ય રાજદ્વારીઓ તે દેશમાં એક તપાસની બાબતમાં પર્સન્સ ઓફ ઇન્ટરેસ્ટ છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત સરકાર ત્રાસવાદ, હિંસા અને ભારત સામેના અલગતાવાદને ટ્રુડો સરકારના ટેકા સામે પોતાના જવાબમાં વધુ પગલા લેવાનો અધિકાર ધરાવે છે એમ પણ કેનેડાના ચાર્જ દ અફેર્સને જણાવવામાં આવ્યું હતું.

કેનેડામાં ભારતથી ગયેલા શીખ સમાજના લોકો મોટા પ્રમાણમાં વસે છે. કેનેડાના રાજકારણ પર પણ તેમનો નોંધપાત્ર પ્રભાવ છે. કેનેડાની સંસદમાં પણ ઘણા શીખ સાંસદો ચૂંટાઇ આવે છે અને કેટલાક શીખ સાંસદો મંત્રીઓ પણ બન્યા છે. વર્ષોથી કેનેડામાં મોટા પ્રમાણમાં સ્થાયી થયેલા શીખ સમુદાયના ઘણા લોકો ભારતમાંથી અલગ શીખ રાષ્ટ્રની માગણી કરતી ખાલિસ્તાનવાદી ચળવળના ટેકેદાર બની ગયા છે અને કેટલાક શીખ અલગતાવાદીઓ ત્યાં ખૂબ સક્રિય છે. આવા જ એક શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની જૂન ૨૦૨૩માં કેનેડાના સરે વિસ્તારમાં હત્યા થઇ ગઇ. જેના થોડા સમય પછી ખુદ કેનેડાના વડાપ્રધાન ટ્રુડોએ આ હત્યામાં ભારતનો હાથ હોવાનો આક્ષેપ કર્યો અને ત્યારથી મામલો બગડ્યો. ભારતે આ આક્ષેપો ફગાવી દીધા છે. ભારત વાજબી રીતે જ કેનેડા સરકાર સમક્ષ ખાલિસ્તાનવાદીઓની પ્રવૃતિઓ રોકવા માગણી કરે છે પણ કેનેડા સરકાર આ બાબતે ભાગ્યે જ કશું કરે છે અને શીખ અલગતાવાદીની હત્યા બાબતે ભારત પર આક્ષેપ મૂક્યો છે. હવે આ પ્રકરણમાં એક ગંભીર બાબત ઉમેરાઇ છે અને તે એ કે કેનેડાએ હાઇ કમિશનર સહિતના ભારતીય રાજદ્વારીઓ પર શંકા ઉઠાવી છે. હવે ભારતે ખૂબ જ સાવધાની અને મુત્સદ્દીપણાથી કામ લેવુ પડશે. અમેરિકા સરકાર પણ એક શીખ અલગતાવાદી ગુરપતવંત સિંઘ પન્નુનની હત્યાના પ્રયાસનો આક્ષેપ ભારતીય અધિકારીઓ પર કરી રહ્યું છે તેમાં આ કેનેડાનો આક્ષેપ ઉમેરાયો છે અને તે તો અમેરિકાના આક્ષેપ કરતા પણ ઘણો વધુ ગંભીર છે. ભારતે આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ પોતાના ખુલાસાઓ હવે સિફતપૂર્વક મૂકવા પડશે.

## ભગવાન પાસે શું માંગવું?

નાનો વિહાન દાદા સાથે મંદિરમાં ગયો. દાદા જેવા ગાડીમાંથી ઊતર્યા તેવા તરત જ મંદિરની બહાર બેઠેલાં ભિખારીઓ દાદાને ઘેરી વળ્યાં અને મદદ માંગવા લાગ્યાં.

નાનો વિહાન આ જોતો રહ્યો.દાદાએ કહ્યું, ‘હું દર્શન કરીને આવું પછી બધાને જે જોઈએ તે મદદ આપીશ.’આટલું કહીને દાદા વિહાનનો હાથ પકડી અંદર મંદિરમાં દર્શન કરવા ગયા અને પુજારીજીને પૂજાની સામગ્રી અને પૈસા આપી વિહાનના નામની પૂજા કરવા જણાવ્યું.



પૂજાને થોડી વાર હતી, દાદા બોલ્યા, ‘દીકરા, કોઈ પાસે કંઈ માંગવું જ ન જોઈએ પણ તને ખબર છે અહીં મંદિરમાં ભગવાન પાસે જેટલાં લોકો દર્શન કરવા આવે છે તે બધા જ કંઈ ને કંઈ માંગતાં હોય છે.’

વિહાને દાદાને કહ્યું, ‘દાદાજી, તમે તો કહો છો ને કે કોઈ પાસે કંઈ માંગવું નહિ. માંગવું સારી વાત નથી, તો આ બહાર બધાં લોકો તમારી પાસે શું કામ મદદ માંગી રહ્યાં હતાં?’

દાદા બોલ્યા, ‘જો દીકરા, તું નાનો છે પણ તને સમજાવું છું કે મારી વાત યાદ રાખજે. ક્યારેય કોઈ પાસે કંઈ માંગતો નહિ પણ શક્ય હોય તો કોઈ મદદ માંગે તો ચોક્કસ કરજે અને ભગવાન પાસે પણ કંઈ માંગતો નહિ. પ્રેમ અને શ્રદ્ધાથી દર્શન કરજે.’

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

નાનકડો વિહાન બોલ્યો, ‘પણ દાદા, ભગવાન પાસે તો બધા માંગે તો હું શું કામ ના માંગી શકું?’દાદા હસ્યા અને વિહાનને ખોળામાં બેસાડતા બોલ્યા, ‘દીકરા, જો તારે કંઈ માંગવું જ હોય ને તો ભગવાન પાસે તેમનો સાથ માંગજે, મનનો સંતોષ માંગજે , બીજાને મદદ કરી શકે તેવી શક્તિ માંગજે, ભૂલ સુધારવા બુદ્ધિ માંગજે ,ભૂલ સ્વીકારવાની હિંમત માંગજે, જીવનમાં જે મળે તેનો સ્વીકાર માંગજે, કોઈ પાસે કંઈ જ માંગવું ન પડે તેવી પરિસ્થિતિ માંગજે. આવું બધું તું ભગવાન પાસે માંગજે અને ભગવાનની કૃપા થશે તો તને આ બધું મળશે અને જેથી તું બીજાની મદદ કરી શકીશ.’

વિહાને દાદાની વાત યાદ રાખી લીધી અને દોડીને ભગવાનની મૂર્તિ સામે ગયો. ભગવાન પાસે દાદાજીએ કહ્યું હતું તે બધું માંગ્યું. દાદાજી ખુશ થયા અને પૂજા અને દર્શન કરી બહાર આવ્યા, વિહાને કહ્યું, ‘દાદા તમે શું માંગ્યું?’દાદા બોલ્યા, ‘તેં જે માંગ્યું એ બધું મેં માંગ્યું...ચલ હવે આપણે ભગવાને આપણને જે આપ્યું છે તેમાંથી બીજાની મદદ કરીએ.’દાદાએ નાનકડા વિહાનમાં સાચી સમજ અને સંસ્કાર રોપ્યા.

# બંધારણીય મૂલ્યોનું જતન કરવા મિડિયાએ તટસ્થ બનવું રહ્યું

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**અર્થશાસ્ત્ર જેને ‘‘ગૃપ ઓફ કોમન ઈન્ટરેસ્ટ’’ તરીકે જાણે છે તે વલણ અનુસાર સમાજસેવા, રાષ્ટ્રસેવા કે પછી વિકાસનાં ઓઠા તળે સમાન હિત જૂથ ધરાવતાં સ્વાર્થી લોકોને એકઠાં થવા આજે મોકળું મેદાન મળી રહ્યું છે**

ઈરાન અને ઈઝરાઈલ યુદ્ધની પ્રારંભિક શક્યતા દેખાતા શેર બજારમાં કડાકો બોલી ગયો. વર્ષ ૨૦૨૪ ના લોકસભા ઈલેક્શનમાં બી.જે.પી.ની સીટો ઘટવાની સંભાવના બજારમાં સચોટ રહી. પરંતુ જમ્મુ કાશ્મીર કે હરિયાણા રાજયનાં ચૂંટણી પરિણામોમાં મિડિયાનો એકઝીટ પોલ અગાઉના ચૂંટણી પોલ માફક સદંતર ધૂળ-ધાણી થયો.

અહીં પ્રશ્ન છે કે બજારની ગણતરી સામે મિડિયાની ભૂમિકા હવામાનના વરતારા માફક શા માટે નબળી પુરવાર થાય છે!!! મિડિયામાં બેઠેલા શિક્ષિત અને અભ્યાસુ મહાનુભાવોને રાજકીય પક્ષોનાં ૮-૧૨ ધોરણ પાસ અને કયારેક જેલવાસ ભોગવી ચૂકેલા નેતાઓ સલાહ આપતા હોય છે કે ‘એર કંડીશનલ સ્ટુડિયો અને બિસ્લેરીની બોટલથી પંડિત થવાય રાજ નેતા નહીં.’’ બજારની સફળતા અને મિડિયાની નિષ્ફળતાના વલણથી હવે લોકશાહીના ઘડતરનું કાર્ય મિડિયા પાસેથી સરકી રહ્યાની ગંભીર નોંધ લેવી પડે તેવો સમય આવી પહોંચ્યો છે.

વર્ચ્યુઅલ સાયકોલોજીમાં વિકસતી નવી પેઢી તો સ્માર્ટ ફોન ઉપર છાપા સામયિક ફેરવી કાઢે છે. વોટસએપ, ટવીટર, ફેઈસબુકનાં અતિરેકવશાત કેટકેટલીય સંવેદનશીલ બાબતો અંદેખી રહી જાય છે અને કોવિડ પછી તો પ્રિન્ટ મીડિયા ઉપર શનિની સાડાસાતી મંડાઈ છે. આમ છતાં જે બચ્યું છે તેના આધારે બંધારણીય મૂલ્યોની જાળવણીનું કાર્ય પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયાથી થાય તે અનિવાર્ય અપેક્ષા બને છે.

જો જીતા વો હી સિકંદર- તેવા પ્રચલિત અભિગમના લીધે રાજકીય પક્ષો હવે કોઈ પણ સ્તરની તડ-જોડથી સત્તામાં રહેવાનું ગોઠવી રહ્યાનું વલણ સહજ થયું છે અને આ માટે પક્ષો પોતાના ઉદ્યોગ જૂથોના ટેકે વર્તમાનપત્રો અને ટી.વી. ચેનલો ખરીદ કરેલ છે. પોતાની પાર્ટીને અનુરૂપ અભિપ્રાય પ્રજામત તરીકે પ્રતિપાદિત કરવા ઉત્સાહી રહે છે. જનમત, લોકમત, એકઝીટ પોલ તેવા ફેન્સી નામથી મિડિયા માસ ઓપીનીયન તૈયાર કરવા પ્રયત્નશીલ રહે છે. પરંતુ દેશનો આમ નાગરિક મિડિયાના અભિપ્રાયથી પોતાને અળગો રાખી રહ્યો છે. પરિણામે જનમત વિષયે ધારણાઓ લગભગ લગભગ હવામાં ઊડી જતી જોવા મળે છે.

જમીની હકીકતો તો આવી જ કંઈ છે. પણ તેથી ફરી બંધારણનાં મૂલ્યો ઉપર તો ફરી બજાર (સ્વાર્થવાદ) ની પકડ મજબૂત થઈ રહી છે!!! અર્થશાસ્ત્ર જેને ‘‘ગૃપ ઓફ કોમન ઈન્ટરેસ્ટ’’ તરીકે જાણે છે તે વલણ અનુસાર સમાજસેવા, રાષ્ટ્રસેવા કે પછી વિકાસનાં ઓઠા તળે સમાન હિત જૂથ ધરાવતાં સ્વાર્થી લોકોને એકઠાં થવા આજે મોકળું મેદાન મળી રહ્યું છે.

પરિણામે; ત્રણ શિયાળા વિત્યા છતાં યુક્રેઈન અને રશિયાનાં ગામડાંઓ અને શહેરોમાં સામાન્ય જનતા ઠુંઠવાઈને મરી રહી છે. ઈઝરાઈલ અને ગાઝા પટ્ટી ઉપર છેલ્લા એક વર્ષમાં લાખો બાળકો અને સ્ત્રીઓ કાટમાળમાં દટાઈ મુવા છે. આપણા દેશમાં મણીપુરમાં હજારો કુકીઝ (જાતિ) સમુદાયની વસાહતો બળીને ખાખ થઈ છે. આપણા ગામના સીમાડે રેલ દર્ઘટના કે પછી ભ્રષ્ટાચારની બાંગ પોકારતા ખરાબ રસ્તાઓમાં અકસ્માતથી મૃત્યુ પામેલ કે અપાહિજ બનેલ નાગરિકોની સંખ્યા હજારોમાં જાય છે.

આંતરરાષ્ટ્રીય સીમાડાઓથી લઈ ઘર આંગણા સુધી માનવતાના મૃત્યુઘંટ સમાન અસંખ્ય ઘટનાઓ પાછળ કોઈ એક ખામી હોય તો ‘‘રાજ્ય શાસકો ઉપર સત્ત્વશીલ દબાણ જૂથનો અભાવ છે.’

વર્ષ ૧૭૮૦ એટલે કે આજ થી ૨૪૪ વર્ષ પહેલાં ભારતમાં બંગાળ ગેજેટસ નામે અઠવાડિક શરૂ થયું. ૬૦ વર્ષ પહેલાં દૂરદર્શનથી સમાચાર પ્રસારણનો ઈતિહાસ અત્યંત સશક્ત છે. રાજા રામ-મોહનરાય, લોકમાન્ય ટિળકથી લઈ ગુજરાતમાં કાકા કાલેલકર સુધી પત્રકારત્વનો વારસો મજબુતાઈથી ઊભો છે. વર્ષ ૧૮૨૨થી આજ દિન સુધી કાર્યરત મુંબઈ સમાચાર ગુજરાતી ભાષાનો મિજાજ વ્યક્ત કરે છે. એટલું જ નહીં પણ સ્વતંત્રતા પૂર્વે ૧૮૯૦ માં ત્રાવણકોર દિવાનની જોહુકમી હોય કે ૧૯૪૬ માં પત્રકાર તરીકે મહાત્મા ગાંધીની હાકલ હોય, પત્રકારોએ ઈમરજન્સી, ભોપાલ દુર્ઘટના કે પછી ગોધરા હત્યાકાંડમાં નિર્ણયાત્મક ભૂમિકા ભજવી દેશના બંધારણનું સન્માન જાળવ્યું છે.

ત્યારે વિચારીએ કે મૂડીનું રોકાણ કરી રાજકીય પક્ષોની છત્રછાયામાં ગોઠવાતા પ્રજાનાં પ્રતિનિધિઓ અને બંધારણીય રીતે જે સરકાર છે તેવા અમલદારોના સમાન આર્થિક હિતોમાંથી સરજાતા પારાવાર પ્રશ્નોમાં પ્રજા અટવાઈ રહી છે તેવા ભ્રષ્ટ વાતાવરણ વચ્ચે માત્ર અને માત્ર મિડિયા દબાણ જૂથ તરીકે સામનો કરી શકે તેવી તાકાત ધરાવે છે. ભવ્ય ભૂતકાળ ધરાવે છે. લોકશાહીમાં પાંચ વરસે એક વાર પ્રજા, મત દ્વારા પોતાની વાત મૂકવા હકદાર છે. પરંતુ આજે સમાન હિત જૂથ પ્રજાને જ્ઞાતિ, જાતિ અને રેવડીની લાલચ આપી એક દિશા તરફ જતાં રોકી રહી છે ત્યારે બંધારણીય રાષ્ટ્રહિતનું રક્ષણ તો મિડિયાના દબાણથી જ શક્ય બનતું દેખાય છે.

લોકશાહીના ચોથા આધારસ્તંભ સમાન પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયા કોમન એજંડા તરીકે બંધારણીય હિતોનું રક્ષણ કરવા આગળ આવે તે સમયની માંગ બને છે અને પ્રજા તરીકે વાચક પણ બંધારણીય અહિતથી પોતાની જાતને અળગી રાખવી તેને પોતાની ફરજ જાણે તેવો સમયનો તકાજો ઉદ્દભવ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ કેમ હારી ગઈ?

**ભૂતકાળમાં એવા દાખલા છે કે, જ્યાં વધુ મત મેળવનાર પક્ષો ઓછી બેઠકો જીત્યા હોય અને ચૂંટણી હારી ગયા હોય**

એક દાયકામાં પ્રથમ વખત સંસદમાં બહુમતી ગુમાવ્યાના ચાર મહિના પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ ઉત્તરીય રાજ્ય હરિયાણામાં રેકોર્ડ ત્રીજી વાર જીત હાસિલ કરી છે. તેણે જમ્મુ અને કાશ્મીરમાં તેનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

8 ઓક્ટોબરના રોજ જાહેર કરાયેલા બે ઉત્તરીય રાજ્યોની વિધાનસભા ચૂંટણીનાં પરિણામો કોંગ્રેસ માટે મોટો ઝટકો હતો, જે 2014થી ભારતમાં ચૂંટણીના રાજકારણ પર ભાજપના વર્ચસ્વને ખતમ કરવાની કોશિશ કરી રહી હતી.

સમાચાર અહેવાલો અને એક્ઝિટ પોલમાં તે આરામથી જીતશે તેવી આગાહી કરવા છતાં કોંગ્રેસ હરિયાણાની ચૂંટણી હારી ગઈ હતી. કારણ કે, રાજ્યની ભાજપ સરકાર સામે લોકોના વર્ગોમાં ગુસ્સો હતો, જેમાં ખેડૂતોનો પણ સમાવેશ થાય છે.

ભારતના ચૂંટણી પંચના ડેટા મુજબ, 2019 રાજ્યની ચૂંટણીની તુલનામાં હરિયાણામાં ભાજપનો મત હિસ્સો 3.4 ટકા વધીને 39.89 ટકા થયો છે. કોંગ્રેસનો ફાયદો ઘણો મોટો હતો - 28.08થી 39.09 ટકા. જોકે, નજીકથી જોવામાં આવે તો ખબર પડે છે કે, વિપક્ષનો ફાયદો અન્ય પ્રાદેશિક પક્ષોના વોટ શેરમાંથી થયો છે, નહીં કે ભાજપના સમર્થન આધારથી.

પરિણામ સ્વરૂપે, તાજેતરની રાજ્ય ચૂંટણીઓમાં ભાજપે 48 બેઠકો જીતી, જે 2019માં તેણે મેળવેલી 40 બેઠકોથી વધારે છે, જ્યારે કોંગ્રેસે 31થી વધીને 36 બેઠકો મેળવી. 90 સભ્યોની વિધાનસભામાં બહુમતીનો આંકડો 46 છે. એક અભૂતપૂર્વ પગલામાં કોંગ્રેસે હરિયાણામાં પરિણામોને સ્વીકારવાનો ઈનકાર કર્યો છે, જેમાં પરિણામોમાં હેરાફેરી કરવા માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈવીએમ) સાથે ચેડાં કરવાનો આરોપ લગાવ્યો છે. ભારતમાં કોઈપણ અગ્રણી રાજકીય પક્ષે અગાઉ ક્યારેય ભારતમાં ચૂંટણી પરિણામો સ્વીકારવાનો ઈનકાર કર્યો નથી. કાગળ પર કોંગ્રેસ અને ભાજપનો લગભગ સરખો વોટ શેર છે, પરંતુ વાસ્તવમાં ભાજપે જીતેલી સીટોની સંખ્યા તેના હરીફ કરતાં ઘણી વધારે છે. જ્યારે કોંગ્રેસે 2019ની સરખામણીમાં 11 ટકા વોટ શેર મેળવ્યો હતો, જ્યારે ભાજપને લગભગ ત્રણ ટકાનો ફાયદો થયો હતો. જોકે, ભાજપે કોંગ્રેસને 11 બેઠકોથી હરાવીને આરામથી જીત હાસિલ કરી.

અગાઉની ચૂંટણીઓની તુલનામાં સમાન વોટ શેર હોવા છતાં અને નોંધપાત્ર લીડ હોવા છતાં કોંગ્રેસ હારી ગઈ કેમ, જે ચૂંટણીમાં તે જીતવાની હતી?

ઠીક છે, ભૂતકાળમાં એવા દાખલા છે કે, જ્યાં વધુ મત મેળવનાર પક્ષો ઓછી બેઠકો જીત્યા હોય અને ચૂંટણી હારી ગયા હોય. મધ્ય પ્રદેશમાં 2018માં ભાજપે 41.6 ટકા વોટ શેર મેળવ્યો હતો અને 109 બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસને 41.5 ટકા વોટ શેર મળ્યો હતો, પરંતુ 114 બેઠકો જીતી હતી. આ વર્ષની શરૂઆતમાં ઓડિશામાં બીજેડીએ 40.22 ટકા વોટ શેર મેળવ્યો હતો અને 51 સીટો જીતી હતી, જ્યારે ભાજપે 40.07 ટકાનો ઓછો વોટ શેર મેળવ્યો હતો, પરંતુ 78 સીટો સાથે રાજ્યમાં જીત મેળવી હતી.

પરંતુ કોંગ્રેસનાં ઘણાં આંતરિક સૂત્રોને લાગે છે કે, તેમની પાર્ટીએ જીતના જડબામાંથી હાર છીનવી લેવાની કળા સિદ્ધ કરી છે. તાજેતરમાં યોજાયેલી હરિયાણાની ચૂંટણીઓ અલગ ન હતી, જ્યારે ધારણાથી લઈને જમીની સ્તરની વાસ્તવિકતાઓ સુધી બધું પક્ષની તરફેણમાં હતું, પરંતુ કેટલાંક કારણોને લીધે, જે અત્યાર સુધીમાં સ્પષ્ટ થઈ ચૂક્યાં છે, કોંગ્રેસ ભાજપ સામેની લડાઈ હારી ગઈ હતી.

કોંગ્રેસના હારનાં કારણો અનેક છે. જેમાં સત્તાવિરોધી લહેરનું મૂલ્યાંકન કરવામાં કોંગ્રેસની નિષ્ફળતા, પક્ષમાં અંદરોઅંદરની લડાઈ, ઉમેદવારની પસંદગીમાં હાઈકમાન્ડની દખલગીરી, જેના કારણે સંભવતઃ નબળી પસંદગી થઈ છે અને પાર્ટીનું ગઠબંધન વિના એકલા હાથે લડવું સામેલ છે.

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**કોંગ્રેસના હારનાં કારણો અનેક છે. જેમાં સત્તાવિરોધી લહેરનું મૂલ્યાંકન કરવામાં કોંગ્રેસની નિષ્ફળતા, પક્ષમાં અંદરોઅંદરની લડાઈ, ઉમેદવારની પસંદગીમાં હાઈકમાન્ડની દખલગીરી અને પાર્ટીનું ગઠબંધન વિના એકલા હાથે લડવું સામેલ છે**

સૌપ્રથમ, કોંગ્રેસના નેતાઓમાં અતિશય આત્મવિશ્વાસ હતો, જ્યાં ભાજપે ઉમેદવારોની પસંદગીથી લઈને યોગ્ય મુદ્દાઓ ઉજાગર કરવા અને તમામ જાતિઓ અને સમુદાયોના મતો એકત્રિત કરવા સુધી ખૂબ જ સખત મહેનત કરી હતી. બીજું, કોંગ્રેસ હાઈકમાન્ડે અન્ય બિન-જાટ નેતાઓની અવગણના કરીને તેની તમામ આશા ભૂતપૂર્વ ભૂપિન્દર સિંહ હુડ્ડા પર લગાવી. 18 વિધાનસભા બેઠકો પર કોંગ્રેસના બળવાખોર ઉમેદવારો હતા. આ અણધાર્યા પરિણામનાં કારણો જાણવા કોંગ્રેસ હાઈકમાન્ડે ફરી એકવાર આત્મમંથન કરવાનો નિર્ણય લીધો છે.

હકીકત તો એ છે કે, પરિણામો માટે જવાબદાર લોકો ખુદ પરાજયમાં ફાળો આપનારા પરિબળોની શોધમાં હશે.

કોંગ્રેસ હાઈકમાન્ડે પહેલા આત્મમંથન કરવું જોઈએ અને એ શોધવું જોઈએ કે તે બળવાખોરોને શાંત કરવામાં કેમ અસમર્થ રહી, જે ચૂંટણી મેદાનમાં હતા. અસંતુષ્ટોએ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેના જીતના માર્જિનમાં તફાવત કરતાં વધુ મત પ્રાપ્ત કર્યા. કોઈ એ સમજવામાં નિષ્ફળ જાય છે કે, દરેક ચૂંટણી પછી કોંગ્રેસ શા માટે એક જ કવાયત હાથ ધરે છે અને શું ખોટું થયું છે તે સારી રીતે જાણ્યા પછી પણ તે જ ભૂલો કરવાનું ચાલુ કેમ રાખે છે.

બીજેપી પાસે પણ તેના બળવાખોરો હતા, પરંતુ તેઓએ તેમને વધુ સારી રીતે સંચાલિત કર્યા અને તેઓએ એ પણ સુનિશ્ચિત કર્યું કે કોંગ્રેસના અસંતુષ્ટો યુદ્ધની મધ્યમાં પોતાને પીછેહઠ ન કરે, આમ ભાજપ બીજી વખત જીતવામાં સક્ષમ બની.

એ હકીકત છે કે, ભાજપ રક્ષણાત્મક વલણ પર હતું અને ચૂંટણીને જાટ વિરુદ્ધ બિન-જાટ ન કરી શકી. લોકોનો મૂડ પરિવર્તનનો હતો અને તમામ સંકેત કોંગ્રેસની જીત તરફ નિર્દેશ કરતા હતા. આ તમામ મર્યાદાઓ હોવા છતાં અંતે ભાજપની જીત થઈ. કારણ કે, કોંગ્રેસ પાસે તેની યોજનાઓને સમર્થન આપવાની કોઈ વ્યૂહરચના નહોતી. કોંગ્રેસ હાઈકમાન્ડે તેના નિરીક્ષકોની ભૂમિકા તપાસવાની જરૂર છે. એવા અહેવાલો છે કે, સંગઠનના પ્રભારી એઆઈસીસી મહાસચિવ કેસી વેણુગોપાલ દ્વારા ભલામણ કરાયેલા તમામ ઉમેદવારો હારી ગયા છે. જોકે, આરોપ-પ્રત્યારોપની રમત શરૂ થઈ ગઈ છે, પરંતુ તેનાથી કોઈ પરિણામ આવવાની સંભાવના નથી. આગામી ચૂંટણી મહારાષ્ટ્રમાં છે. હરિયાણામાં હારથી મહા વિકાસ અઘાડીમાં વધુ બેઠકો માટે સોદાબાજી મામલે કોંગ્રેસ નબળી પડી છે. તેથી મહારાષ્ટ્રમાં હરિયાણાનું પુનરાવર્તન ન થાય તે માટે કોંગ્રેસે ખૂબ જ સતર્ક રહેવું પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શરદ ઋતુમાં આહારનું મહત્ત્વ

ચોમાસા અને શિયાળાની વચ્ચેની ઋતુ એટલે શરદ ઋતુ. શરદ ઋતુ ભાદરવો અને આસો મહિનામાં આવે છે.શરદ ઋતુમાં પિત્તનો પ્રકોપ વધી જાય છે.આ ઋતુમાં રક્ત ઉષ્ણતાયુક્ત હોય છે.પરિણામે શરીરમાં રક્તવિકારો થાય છે.પિત્ત થાય એવા ખારા, તીખા પદાર્થો,દહીં અને વધુ પડતા તેલ મસાલાવાળા આહારનો ત્યાગ કરવાનો હોય છે.શરદ ઋતુમાં શ્રાદ્ધ પક્ષ,શારદીય નવરાત્રી અને શરદ પૂર્ણિમા જેવા તહેવારોનું મહત્ત્વ છે.આપણા તહેવારોમાં સંપૂર્ણપણે વૈજ્ઞાનિક અભિગમો સંકળાયેલા છે. શ્રાદ્ધની ખીર દૂધપાક હોય કે નવરાત્રીની ચાંદની રાતો કે પછી શરદપૂનમનાં દૂધ-પૌંઆ હોય, બધી જ ધાર્મિક પરંપરાઓ કે આપણી સંસ્કૃતિમાં ઉજવાતા કોઈ પણ તહેવારો ઋતુ અનુસાર વૈજ્ઞાનિક ઢબે ગોઠવવામાં આવ્યા છે અને ઉત્સવ સ્વરૂપે આપણી રોજિંદી જિંદગીમાં વણી લેવામાં આવ્યા છે. રોજબરોજના ખોરાકમાં મધુર કે કડવા રસયુક્ત સ્વભાવે ઠંડા અને પચવામાં વધુ ભારે ન હોય એવા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ અને રાત્રે ચંદ્રની શીતળ ચાંદનીનું સેવન કરવું જોઈએ. દૂધ મધુર, ગુણમાં ઠંડું, સુપાચ્ય,પૌષ્ટિક આહાર છે. સુરતમાં શરદ પૂર્ણિમાના બીજા દિવસે ચંદની પડવાની ઉજવણી એનો એક ભાગ છે. ચંદની પડવા નિમિતે સુરતીઓ ઘારી આરોગે છે.સુરતમાં ઘારી માત્ર ચંદની પડવાના દિવસે જ ખવાય છે. શરદ ઋતુમાં આહાર વિહારનું ખાસ ધ્યાન રાખવું જોઈએ, એટલે જ કહેવાય છે કે જેને શરદ ઋતુ હેમખેમ પસાર કરી હોય, તેઓનું તંદુરસ્તીની દૃષ્ટિએ આખું વરસ સારું પૂર્ણ કરેલું ગણાય.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### હવે ચર્ચાપત્ર મોકલવું થયું વધુ આસાન

હવે ગુજરાતમિત્રના ચર્ચાપત્ર વિભાગને આપના ચર્ચાપત્રો ઇમેલ દ્વારા પણ મોકલી શકો છો. આપના પત્રો ગુજરાતીમાં ટાઇપ કરી અથવા હાથે લખેલા પત્રોના સ્પષ્ટ, વાંચી શકાય તેવા ફોટો ખેંચી **charchapatra@gujaratmitra.in** ઇમેલ એડ્રેસ ઉપર મોકલી શકાશે. ઇમેલમાં આપનું નામ તથા આપનું સરનામું અચૂક લખશો. સંપર્ક માટે આપનો ફોન નંબર પણ આવકાર્ય.

## સ્વ. રતનટાટાને ‘ભારત રત્ન’ એવોર્ડ આપો

પદ્મભૂષણ તથા પદ્મવિભૂષણની પદવી મેળવી ચૂકેલા દેશના વરિષ્ઠ ઉદ્યોગપતિ અને ટાટા જૂથના મોભી રતન ટાટાની અંતિમ વિદાયથી દેશે એકથી વધુ ઔદ્યોગિક ક્ષેત્રોમાં એક મહારથી, દીર્ઘદ્રષ્ટા, વૈશ્વિક આઉટલુક ધરાવતા આગેવાન ઉદ્યોગપતિને ગુમાવી દીધા છે. તેઓ એક ટોચના ઉદ્યોગપતિ જ નહીં પરંતુ પ્રખર સખાવતી શ્રેષ્ઠી પણ હતા. આધુનિક ભારતના બિજનેસને ઘડવામાં તેમનું મહત્ત્વનું યોગદાન હતું. આથી જ તેઓના અમૂલ્ય યોગદાને માત્ર ટાટા સમૂહને જ નહીં, પરંતુ આપણા રાષ્ટ્રના નિર્માણને પણ આકાર આપ્યો છે. રતન ટાટા એક વિઝનરી આગેવાન હતા. લોકોની જિંદગીઓને બહેતર બનાવવાનું તેમનું સમર્પણ ભારત અને સમગ્ર વિશ્વ માટે એક કાયમી છાપ છોડી ગયું છે. તેમની અંતિમ યાત્રામાં માનવમેદનીનું ઉમટવું તે જ તેમના પ્રતિનો અણમોલ પ્રેમ અને આદર દાખવે છે. રતન ટાટાએ ભારતની પ્રજાના દિલમાં જે સ્થાન મેળવ્યું એવું સ્થાન બહુ ઓછા ઉદ્યોગપતિએ મેળવ્યું છે. ભારતનાં લોકો માટે આધારપાત્ર રતન ટાટા ભલે આપણી વચ્ચે ન રહ્યા હોય પરંતુ દેશનાં લોકો તેમને ભૂલી શકશે નહીં. વૈશ્વિક મંચ પર ટાટા ગ્રુપને તથા દેશને મહત્ત્વનું સ્થાન અપાવનાર સ્વ. રતન ટાટાને ભારત સરકારે ‘ભારતરત્ન’એવોર્ડ આપી તેમની યોગ્ય કદર કરવી જોઈએ.

**પાલનપુર – મહેશ વ્યાસ**

## ચોટ વિના ટોચ ક્યાંથી?

સફળતાની ટોચ ઉપર પહોંચેલી વ્યક્તિઓએ જીવનમાં ક્યારેક ને ક્યારેક નિષ્ફળતાઓરૂપી ચોટ ખાધી જ હોય છે. અબ્રાહમ લિંકન, થોમસ આલ્વા એડિસન જેવી કેટલીયે વ્યક્તિઓ જીવનમાં ઠોકર ખાઈ કઠોર બની. વાસ્તવિક રીતે જીવનમાં આવતી મુશ્કેલીઓ મનુષ્યને સફળતાના માર્ગ ઉપર અગ્રેસર કરે છે. જે રીતે જીતથી અજાણ ઘોડો પોતાના માલિકના પ્રહારોથી દોડયે જાય છે; તે જ પ્રમાણે જીવનમાં જો વારંવાર પડવાનું થાય તો સમજવું કે કોઈક છે, જે આપણને જીતાડવા માંગે છે. વળી જે ચાલે છે ને તે જ પડે છે; જે ચાલતા નથી ને તે તો પડતા પણ નથી. કોઈકે સાચું જ કહ્યું છે,દુનિયા કી હર ચીઝ ઠોકર લગને સે તૂટ જાયા કરતી હૈ, એક કામિયાબી હી હૈ જો ઠોકર ખાકે હી મિલતી હૈ.

**સુરત - દીપ્તિ ટેલર**

## ગૃહમંત્રીની ખાતરી પ્રમાણે થયું નહીં

ગુજરાતના ગૃહમંત્રીએ છાતી ઠોકીને ખાતરી આપેલી કે બહેનો નચિંત થઈને ગરબા રમે. ગુજરાત પોલીસ તમારી રક્ષા કરવા બેઠી છે. પણ એવું થયું નહીં. નવરાત્રિમાં જ ભાયલી, માંડવી, બોરસરા અને કચ્છમાં બળાત્કારોની ઘટનાઓ બની. નિર્દોષ બાળકીઓ ચૂંથાઈ! ગૃહમંત્રીએ નવરાત્રિ પહેલાં કહ્યું હતું ‘તમ તમારે મોડે સુધી ગરબા રમો, હું બેઠો છું.’ એમના આ વિધાન સામે ગુજરાતનાં કેટલાંક જાગૃત નાગરિકોએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી જેમાં હાઈકોર્ટે સ્પષ્ટ આદેશ આપતાં કહ્યું કે જો કોઈ નાગરિકને રાત્રે 12 પછી હેરાનગતિ થાય છે અને પોલીસ ફરિયાદ કરે છે તો પોલીસ બંધ કરાવી શકે છે. બહુ સ્પષ્ટ છે મોડે સુધી ગરબા રમવા માટેનું નિવેદન એ તાજેતરની રેલમાં પીડિતોનો જે આક્રોશ હતો તે શાંત કરવા માટેનો અને વોટબેંકનો રેશિયો વધારવા માટેનો ‘વિનમ્ર પ્રયાસ’ હતો. એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ કે સબસલામતીના ઢોલ પીટનારા ગૃહમંત્રીના પોતાના વિસ્તારમાં અને અન્ય શહેરોમાં કન્યાઓ સહેજે સલામત નથી, નરાધમો દ્વારા પીંખાઈ રહી છે. ગુજરાતમાં ઠેર ઠેર કરોડો રૂપિયાનું ડ્રગ્સ મળી રહ્યું છે અને કદાચ ગુજરાત ડ્રગ્સનું ‘હબ’ બનવા તરફ આગળ વધી રહ્યું છે એમ લાગે છે. દુઃખ એ વાતનું છે કે આ બધું થવા છતાં નેતાઓને સહેજે શરમ, સંકોચ કે ગ્લાનિ નથી. તેઓ આરામથી ‘જલેબી’નો રસાસ્વાદ માણી રહ્યા છે.

**સુરત - ભાર્ગવ પંડ્યા**

## બલાત્કારી માનસિકતા નિર્દય વાસનાનો પુજારી

બલાત્કારી માનસિકતા ધરાવતો હોય છે. આવા વિકૃતોને પોતાનાં સગાં કે લોહીના સંબંધોમાં પણ છોકરી-યુવતી-સ્ત્રી કે મહિલાના જ અંગો દેખાય છે. જયાંથી પોતાની વાસનાની તૃપ્તિ મળતી હોય. તેને વિપરીત લીંગની તડપતી અવાજ દર્દનાક પીડા અને કાકલુદી કરતી આંખમાં તેની વિકૃતિનો આનંદ મળતો હોય છે. આવી માનસિકતા સમાજના એ વાતાવરણમાં પોસાય છે જયાં પુરુષત્વને પોષણ મળતું હોય છે. આપણા ભારત દેશમાં સ્ત્રીઓને ભોગનું સાધન માનવામાં આવે છે, તેની ઈચ્છા અનિચ્છાની કોઈ જ કિંમત કે પરવા રહેતી નથી.આ દૂષણ કાયદાથી ખતમ થઈ શકે તેમ નથી. સમાજમાં સમાનતા અને કમજોર વર્ગ ખાસ સ્ત્રીને સન્માનની ભાવનાથી તેના પર અંકુશ લાવી શકાય. કારણ કે સન્માનથી જે તે વ્યક્તિની કમજોરીનો ખ્યાલ આવે છે. જયાં સુધી સામેની વ્યક્તિની સ્થિતિ અને માનસિકતાનો ખ્યાલ ન આવે ત્યાં સુધી તે ભોગ બનનારની પીડાની કલ્પના ન થાય. આ ઝેરીલી માનસિકતા પારિવારિક મૂલ્યોનું મહત્ત્વ શું છે અને ભોગ બનનાર અને ભોગીના પરિવારની સ્થિતિની પીડાની કલ્પનાના ખ્યાલથી ઓછી કરી શકાય છે. દેશના દરેક પરિવારમાં ચારિત્ર્યના ખંડનની ભયાનકતા શું છે તેની જાગરુકતા અને ઉચિત શિક્ષણથી અંકુશ લાવી શકાય છે. બલાત્કારી માટે ‘ઈન્સાન ’ શબ્દ વાપરી ન શકાય માટે ઈન્સાનિયતની કિંમતનું દરેક માણસને મહત્ત્વ હોવું જોઈએ. પોતાના સન્માન માટે સ્ત્રીઓએ ઉત્ક્રાંતિના નિયમ પ્રમાણે અનુકૂલન થવું જરૂર છે. મૂળભૂત પશુતાવૃત્તિને ડામવાની માનસિકતા હાંસલ કરવી જરૂરી છે.

**- જ્યોતિષાચાર્ય હંસરાજ**